# કોલસા કૌભાંડ : મનમોહનસિંહ સામે સમન્સ પર સ્ટે

નવી દિલ્હી,તા. ૧

ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહને આજે મોટી રાહત મળી હતી. કારણ કે સુપ્રીમ કોર્ટે કોલસા કોંભાડના સંબંધમાં મનમોહનસિંહ સામે જારી કરવામા આવેલા ટ્રાયલ કોર્ટના સમન્સ પર સ્ટે મુકી દીધો હતો. સુપ્રીમ કોર્ટે મનમોહનસિંહ ઉપરાંત ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા, પૂર્વ કોલસા સચિવ પીસી પારેખ અને અન્ય ત્રણ સામે સમન્સ ઉપર પણ સ્ટે મુક્યો હતો. જસ્ટિસ વી ગોપાલા અને સી નાગપન્નની બનેલી બેંચે તમામ છ અપીલ સામે ચાર સપ્તાહમાં જવાબ આપવા સીબીઆઈ અને કેન્દ્ર સરકારને આદેશ કર્યો હતો. મનમોહનસિંહ તરફથી કપિલ સિબ્બલ કોર્ટમાં ઉપસ્થિત રહ્યા હતા. કપિલ સિબ્બલે જોરદાર દલીલો કરીને મનમોહનસિંહ સામે સમન્સ જારી કરવાના ટ્રાયલ કોર્ટના નિર્ણય સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા અને કહ્યું હતું કે, આ ગંભીર ભુલ હતી. સિબ્બલે કહ્યું હતું કે, ટ્રાયલ જજના જણાવ્યા મુજબ પૂર્વ વડાપ્રધાન સ્કેનિંગ કમિટિની ભલામણનો ભંગ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે



તમામ કોલસા બ્લોકની ફાળવણી રદ કરી દીધી હતી. કપિલ સિબ્બલ તરફથી ધારદાર દલીલોને લઈને અન્ય વકીલોમાં પણ ચર્ચા રહી હતી. હાલમાં જ મનમોહનસિંહે સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. ટ્રાયલ કોર્ટે અગાઉ સમન્સના ભાગરૂપે મનમોહનસિંહને કોર્ટમાં આરોપી તરીકે હાજર થવા માટે કહેવામાં આવ્યું હતુ. સુપ્રીમ કોર્ટે સીબીઆઈને પણ નોટીસ ફટકારી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગયા મહિનામાં એટલે કે ૧૧મી માર્ચના દિવસે સમગ્ર દેશને હચમચાવી મુકનાર કોલસા કોંભાડમાં સીબીઆઈની ખાસ અદાલતે મનમોહનસિંહને આરોપી તરીકે સમન્સ જારી કર્યુ હતુ. જે સમય કોલસા કાંડની વિગત સપાટી પર આવી ત્યારે તત્કાલીન વડાપ્રધાન સિંહની પાસે જ કોલસા મંત્રાલયની જવાબદારી હતી. એ દિવસે મનમોહનસિંહ ઉપરાંત ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા, પૂર્વ કોલસા સચિવ પીસી પારેખ અને અન્ય ત્રણની સામે પણ આરોપી તરીકે સમન્સ જારી કરવામાં આવ્યા હતા. ટ્રાયલ કોર્ટે અપરાધિક કાવતરા, વિશ્વાસઘાત અને ભ્રષ્ટાચાર અટકાયત કાયદાની જોગવાઈ હેઠળ છ લોકોની સામે સમન્સ જારી કર્યા હતા. કોર્ટે મામલામાં આરોપી તરીકે મેસર્સ હિડાલ્કો, તેના અધિકારીઓ શુભેન્દુ અમિતાભ અને ડી. ભટ્ટાચાર્યની સામે પણ સમન્સ જારી કર્યા હતા. વર્ષ ૨૦૦૫માં જ્યારે બિડલાની કંપની હિડાલ્કોને ઓરિસ્સાના તાલાબીર-૨ અને ત્રણમા કોલસા બ્લોક ફાળવવામાં આવ્યા હતા ત્યારે કોલસા પ્રધાન તરીકે મનમોહનસિંહ જ હતા.ડિસેમ્બર મહિનામાં સીબીઆઈની ખાસ અદાલતે આ મામલામાં તપાસ સંસ્થાના ક્લોઝર રિપોર્ટને ફગાવી દેતા ચર્ચા શરૂ થઈ હતી. કોર્ટે તપાસ પર ભાર મુકીને તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહના નિવેદન નોંધવા પર ભાર મુક્યો હતો. અગાઉ પણ અનેક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. ૨૫મી નવેમ્બરના દિવસે સુનાવણી દરમિયાન ખાસ સીબીઆઈ જજ ભરત પરાશરે સીબીઆઈને પ્રશ્ન કર્યો હતો કે, કોલસા કૌભાંડના મામલામાં ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની પુછપરછ કેમ કરવામાં આવી નથી જ્યારે હિન્ડાલ્કોને કોલસા બ્લોકની ફાળવણી કરવામાં આવી હતી ત્યારે ૨૦૦૫-૦૯ના ગાળા દરમિયાન સિંહ કોલસા પ્રધાન તરીકે હતા.

# પેટ્રોલ-ડિઝલની કિંમતમાં ઘટાડો

## વેટ સાથે અમદાવાદમાં ડિઝલની કિંમત ઘટીને ૫૩.૯૫ રૂપિયા થઈ : ભાવમાં ઘટાડો તાત્કાલિક જ અમલી

## ગુજરાતમાં લોકોને વેટના પરિણામે વધુ રાહત : અમદાવાદમાં પેટ્રોલની કિંમત ઘટીને ૬૩.૪૪ રૂપિયા

નવીદિલ્હી,તા. ૧

તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહેલા સામાન્ય લોકોને આજે મોટી રાહત મળી ગઈ હતી. કારણ કે પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં ફરીવાર ઘટાડો કરવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલની કિંમતમાં ઘટાડો થતાં પેટ્રોલની કિંમતમાં વેટ અને સેલટેક્સ સિવાય લીટરદીઠ ૪૯ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે જ્યારે ડિઝલની કિંમતમાં લીટરદીઠ વેટ અને સેલટેક્સ સિવાય ૧.૨૧ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે, ગુજરાતમાં આ ઘટાડો વધારે રહેશે. ગુજરાતમાં ૫૫ પૈસાનો વેટ પેટ્રોલ ઉપર રહેશે જેથી ઘટાડો તે રીતે રહેશે. આવી જ રીતે ડિઝલમાં પણ હાલમાં જે રેટ છે તેમાં ૧.૩૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવશે. એટલે કે લોકોને વધારે રાહત થશે. અમદાવાદમાં પેટ્રોલનો ભાવ ઘટીને ૬૩.૪૪ થયો છે જે હાલમાં ૬૩.૯૯ છે. આવી જ રીતે રાજકોટમાં ૬૨.૯૩ના ભાવની સામે હવે પેટ્રોલનો ભાવ લીટરદીઠ ૬૨.૩૮ થયો છે. ડિઝલની વાત કરવામાં આવે તો લીટરદીઠ ૧.૩૦નો ઘટાડો અમલી બની રહ્યો છે. અમદાવાદમાં ડિઝલની કિંમત હવે ઘટીને લીટરદીઠ ૫૩.૯૫ થશે. જ્યારે રાજકોટમાં ડિઝલના ભાવ ૫૩.૬૭ થશે. નવા ભાવ તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યા છે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત આવતીકાલથી લીટરદીઠ ૬૦ રૂપિયા થશે જે હાલમાં ૬૦.૪૯ છે. જ્યારે ડિઝલની કિંતમમાં હાલમાં ૪૯.૭૧ની સામે ઘટીને ૪૮.૫૦ થશે. દેશની સૌથી મોટી ઓઈલ કંપની ઈન્ડિયન ઓઈલ દ્વારા આ

મુજબની માહિતી આપવામાં આવી છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિનામાં બે વખત ભાવ વધારાનો દોર હાથ ધરવામાં આવ્યા બાદ હવે ઘટાડો કરવામાં આવ્યો છે. ૧૬મી ફેબ્રુઆરીના દિવસે પેટ્રોલમાં લીટરદીઠ ૦.૮૨ અને ડિઝલમાં ૦.૬૧નો વધારો કરવામાં આવ્યો હતો જ્યારે પહેલી માર્ચના દિવસે પેટ્રોલમાં લીટરદીઠ ૩.૧૮ અને ડિઝલમાં લીટરદીઠ ૩.૦૯નો વધારો કરવામાં આવ્યો હતો. છેલ્લા ભાવ ફેરફાર બાદથી પેટ્રોલ અને ડિઝલની કિંમતમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઘટાડો થઈ રહ્યો હતો. ભાવ વધારા પહેલા પેટ્રોલની કિંમતમાં ઓગસ્ટ ૨૦૧૪ બાદથી ૧૦ વખત ઘટાડવામાં આવી હતી જ્યારે ડિઝલની કિંમત ઓક્ટોબર ૨૦૧૪ બાદથી છ વખત ઘટાડવામાં આવી હતી. પેટ્રોલની કિંમત ૧૦ ઘટાડાના પરિણામ સ્વરુપે લીટરદીઠ ૧૭.૧૧ રૂપિયા સુધી ઘટી હતી. જ્યારે ઓક્ટોબર અંકુશમુક્ત કરવામાં આવ્યા બાદ ડિઝલની કિંમતમાં લીટરદીઠ ૧૨.૯૬ રૂપિયા સુધીનો ઘટાડો કરવામાં આવી ચુક્યો છે. રેટમાં ૧૬મી ફેબ્રુઆરીએ વધારો કરવામાં આવતા પ્રવાહ બદલાયો હતો. આંતરરાષ્ટ્રીય તેલ માર્કેટમાં કિંમતો ઉપર સતત નજર રાખવામાં આવે છે. રૂપિયા-ડોલર એક્સચેંજ રેટની પણ ભૂમિકા રહે છે.

# ૧૪મીએ અમિત શાહની પટણામાં મોટી રેલી થશે

પટણા,તા. ૧

બહાદુરપુર હાઉસિંગ કોલોની બોમ્બ બ્લાસ્ટ કેસના સંદર્ભમાં ઉંડી તપાસ ચાલી રહી છે. આ તપાસમાં



હવે એવી ચોંકાવનારી વિગત સપાટી ઉપર આવી છે કે, ભાજપ પ્રમુખ અમિત શાહની ૧૪મી એપ્રિલના દિવસે યોજાનારી રેલી હિટલિસ્ટમાં હોઈ શકે છે. કાવતરાના ભાગરુપે આ રેલી ઉપર હુમલો થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમિત શાહ પટણાના ગાંધી મેદાન ખાતે ૧૪મી એપ્રિલના દિવસે રેલી યોજનાર છે. આ વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી પહેલા અમિત શાહ ભાજપના અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે મહાકાય રેલી યોજનાર છે. સોમવારના દિવસે હાઉસિંગ કોલોનીમાં શક્તિશાળી બોંબ બ્લાસ્ટ થયો હતો. આ ઉપરાંત અન્ય બે જીવતા બોંબ પણ પોલીસે કબજે કર્યા હતા. સોમવારના બ્લાસ્ટ સાથે પટણામાં ૨૦૧૩ના દિવસે સિરિયલ બોંબ બ્લાસ્ટ અને બોધગયા બ્લાસ્ટ સાથે કોઈ સંબંધ છે કે કેમ તેમાં તપાસ કરવામાં આવી રહી છે. બે યુવાનો ગેરકાયદે ફ્લેટમાં રોકાયા હતા. તેમના ઉપર શંકા રહેલી છે. આ બંને શખ્સો બ્લાસ્ટ થયા બાદ ફરાર થઈ ગયા હતા. બોંબ બ્લાસ્ટને લઈને વધુ તપાસ ચાલી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૩માં લોકસભાની ચૂંટણી પહેલા ગાંધી મેદાન ખાતે મોદીની મહાકાય રેલી યોજાઈ હતી. ઈન્ટેલીજન્સ બ્યુરોની ટીમે આજે એમઆઈજી સેક્ટરમાં ફ્લેટની મુલાકાત લીધી હતી અને માહિતી એકત્રિત કરી હતી. ગાંધી મેદાન ખાતે બ્લાસ્ટ કેસમાં ઉંડી તપાસ ચાલી રહી છે. ૧૪મી એપ્રિલના ભાગરુપે અહીં બોંબ તૈયાર કરવામાં આવી રહ્યા હતા તેવી માહિતી પણ મળી છે. જો કે, આ સંદર્ભમાં હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી. અમિત શાહ પટણાના ગાંધી મેદાન ખાતે રેલી યોજનાર છે જેને લઈને તમામ તૈયારીઓ ચાલી રહી છે. ભાજપના કાર્યકરોમાં પણ ભારે ઉત્સાહ છે.

# યમનથી ભારતીયોની પ્રથમ બેચને ખસેડી લેવાઈ

નવી દિલ્હી,તા. ૧

યુદ્ધગ્રસ્ત યમનમાં ફસાયેલા ભારતીય લોકોને ખસેડી લેવાની પ્રક્રિયા ઝડપથી શરૂ થઈ ચુકી છે. જેના ભાગરૂપે યમનમાંથી ભારતીયોની પ્રથમ બેચ નૌકા સેનાના જહાજ મારફતે રવાના થઈ ગઈ છે. ભારતીય નોકા સેનાના જહાજ આઈએનએસ સુમિત્રા મારફતે રવાના કરાયા બાદ આંશિક રાહત થઈ છે. યમનના પાટનગરથી ૪૫૦ કિલોમીટરના અંતરે સ્થિત અદેનથી ૩૫૦ ભારતીય અને અન્ય ૪૦ નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે. યુદ્ધગ્રસ્ત યમનમાં ફસાયેલા ભારતીય લોકોને લઈને મોદી સરકાર ખુબ જ ગંભીર બનેલી છે. ભારતીય લોકોને સુરક્ષિત ખસેડી લેવાના પ્રયાસ યુદ્ધના ધોરણે ચાલી રહ્યા છે. ૪૦૦થી વધુ ભારતીયોને સુરક્ષિતરીતે ખસેડી લેવામાં આવ્યા છે. હવે બીજા ૩૫૦ લોકોને ખસેડી લેવામાં આવ્યા છે. પરંતુ હજુ પણ ૪૦૦૦થી વધારે લોકો ફસાયેલા છે. તેઓ મદદની રાહ જોઈ રહ્યા છે. તેમની મદદ કરવા માટે સરકાર સતત પ્રયાસ કરી રહી છે. કટોકટીનો સામનો કરી રહેલા યમનમાંથી લોકોને ખસેડી લેવાની પ્રક્રિયા ચાલી

# મોદી સરકારની નવી વિદેશ વેપાર નીતિ જાહેર : રોજગારી પર ધ્યાન

નવી દિલ્હી,તા. ૧

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે ૨૦૧૫-૨૦ માટે નવી વિદેશ વેપાર નીતિની મોદી સરકારે આજે જાહેરાત કરી દીધી હતી. વાણિજ્ય પ્રધાન નિર્માળા સીતારામને કહ્યું હતું કે, નવી પોલિસી નિકાસને વધારશે. સાથે સાથે રોજગારીની વધુ તકો ઉભી કરશે. કેન્દ્રના મેક ઈન ઈન્ડિયા અને ડિજિટલ ઈન્ડિયા કાર્યક્રમને ટેકો આપતા આમા જણાવવામાં આવ્યું છે કે, નિકાસને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલા લેવામાં આવીરહ્યા છે. એક્સપોર્ટ પ્રમોશન કેપિટલ ગુડ્ઝ સ્કીમ હેઠળ એક્સપોર્ટના હેતુને વધારવા પ્રયાસ કરવામાં આવશે. સ્થાનિક મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે વિવિધ પગલા લેવામાં આવ્યા છે. નવી ફોરેન ટ્રેડ પોલિસી અથવા તો નવી વિદેશ વેપાર નીતિ સંરક્ષણ, ફાર્મા, પર્યાવરણલક્ષી પ્રોડક્ટ, વેલ્યુએડેડ નિકાસ ઉપર ખાસ ધ્યાન કેન્દ્રિત કરશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સરકાર સ્પેશિયલ ઈકોનોમિક ઝોનમાં સ્થિત ઈન્સેન્ટીવ યુનિટોને પણ પ્રોત્સાહન આપશે. રોજગારીની તકો વધે તે હેતુ સાથે સરકાર ઈ-કોમર્સને પ્રોત્સાહન આપશે. કોમર્સ સેક્રેટરી રાજીવ ખેરે કહ્યું છે કે, પાંચ વર્ષની વેપાર નીતિની અઢી વર્ષના ગાળા બાદ ફરી ચકાસણી કરવામાં આવશે. સીતારામનનું કહેવું છે કે, નવેસરની એફટીપીમાં બે નવી સ્કીમ રાખવામાં આવી છે જેમાં મર્કેન્ટાઈઝ એક્સપોર્ટ ફ્રોમ ઈન્ડિયા સ્કીમ અને સર્વિસ એક્સપોર્ટ ફ્રોમ ઈન્ડિયા સ્કીમનો સમાવેશ થાય છે. આ બે સ્કીમોના ભાગરુપે ઘણી બધી રાહતો આપવામાં આવશે. એગ્રીકલ્ચર અને ગ્રામિણ ઈન્ડસ્ટ્રી પ્રોડક્ટનું ત્રણ અને પાંચ ટકાના રેટ ઉપર વિશ્વભરમાં સપોર્ટ કરવામાં આવશે. નરેન્દ્ર મોદીના મેક ઈન ઈન્ડિયાને વધારે મહત્વ આપવામાં આવ્યું છે. પાંચ વર્ષની વિદેશ વેપાર નીતિની ઘણા સમયથી રાહ જોવામાં આવી રહી હતી. વાણિજયમંત્રી સીતારામન દ્વારા આ નીતિની જાહેરાત કરવામાં આવી હતી. સૂચિત ટ્રાન્સપેસિફિક પાર્ટનરશીપ, રિઝનલ કોમ્પ્રેહેન્સીવ ઈકોનોમિક પાર્ટનરશીપ દેશના ભાવિ વેપારને વધારશે. સરકારે તમામ અગાઉની નિકાસ પ્રમોશન સ્કીમને બે પ્લાનમાં મર્જ કરી દીધી છે. નવી પોલિસી એવા સમયે આવી છે ત્યારે સ્થિતિને સુધારવાની જરૂરિયાત દેખાઈ રહી છે.

# બજેટ દરખાસ્ત અમલી થતા વિમાની યાત્રા વધુ મોંઘી થઈ

નવી દિલ્હી,તા. ૧

કેન્દ્રિય નાણાં પ્રધાન અરૂણ જેટલી દ્વારા ફેબ્રુઆરીના અંતે રજૂ કરવામાં આવેલા સામાન્ય બજેટમાં જાહેર કરાયેલી દરખાસ્ત આજથી અમલી બની ગઈ છે. જેના પરિણામરૂપે હવે બિઝનેસ ક્લાસમાં વિમાની યાત્રા વધારે મોંઘી થઈ ગઈ છે. જ્યારે મ્યુઝિયમ, ઝુ અને વાઘ અભ્યારણમાં જવાની એન્ટ્રી ટિકિટની કિંમત ઘટી ગઈ છે. મ્યુચ્યુઅલ ફંડમાં મુડીરોકાણ કરવાની બાબત પણ વધુ મોંઘી થઈ ગઈ છે. સામાન્ય બજેટમાં જાહેર દરખાસ્તો અમલી થતા સામાન્ય લોકો પર વધારે બોજ રહેશે. બજેટમાં સર્વિસ ટેક્સમાં વધારો કરવામાં આવ્યો હતો. સર્વિસ ટેક્સને તર્કસંગત બનાવી દેવાના હેતુસર કેટલીક નવી દરખાસ્તો રજૂ કરી હતી. જેના ભાગરૂપે આ તમામ સેવા મોંઘી બની છે. સર્વિસ ટેક્સ વધતા આજથી અનેક સેવા મોંઘી બની ગઈ છે. સંસદ દ્વારા નાણાં બિલને પસાર કરવામાં આવ્યા બાદ અન્ય સેવા મોંઘી થશે પરંતુ આજથી જે દરખાસ્તો અમલી બની ગઈ છે તેમાં મ્યુઝિયમ, ઝુ, નેશનલ પાર્ક, વાઈલ્ડ લાઈફ અને વાઘ અભ્યારણમાં પ્રવેશ જેવી સર્વિસને આપવામાં આવેલી રાહતનો સમાવેશ થાય છે. આજથી આ તમામમાં એન્ટ્રી ટિકિટના ચાર્જમા ઘટાડો થઈ ગયો છે.મ્યુઝિયમ, ઝુમાં પ્રવેશ જેવી સર્વિસને આપવામા આવેલી ટેક્સ મુક્તિની દરખાસ્ત આજથી અમલી બની ગઈ છે. આવી જ રીતે લાઈફ ઈન્સ્યોર્ન્સ સ્કીમ વરિષ્ઠ પેન્શનલ યોજના, એમ્બ્યુલન્સ સર્વિસ, ફળફળાદીના રીટેલ પેકિંગ, શાકભાજીના રીટેલ પેકિંગ પર સર્વિસ ટેક્સ લાગુ કરાશે નહી. જો કે વિમાની સેવા મોંઘી બની ગઈ ચે. કારણ કે સર્વિસ ટેક્સ હાલમાં ૪૦ ટકાની સામે ટિકિટની કિંમતના ૬૦ ટકા સુધી રહેશે.

# કાશ્મીર પુર : બચાવ અને રાહત કામગીરી હજુ જારી

શ્રીનગર,તા. ૧

જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતીમાં સુધારો થાય તે પહેલાજ નવેસરથી ભારે વરસાદના કારણે ફરી સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. શ્રીનગરમાં ભારે વરસાદ થયો છે. બીજી બાજુ પુરગ્રસ્ત વિસ્તારમાં બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ઝેલમ નદીમાં પાણીની સપાટી સતત ઘટી રહી છે. આવનાર દિવસોમાં સ્થિતી સુધરે તે પહેલા જ વધુ વરસાદની આગાહી કરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતી હજુ પણ ગંભીર બનેલી છે. લાખો લોકો સામે નવી આફત આવી ગઈ છે. જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. છેલ્લા કેટલાક દિવસથી અતિ ભારે વરસાદના કારણે સ્થિતી વણસી ગઈ છે. તમામ જગ્યાએ પાણી ભરાઈ ગયા છે. કાશ્મીર ખીણમાં પુરની સ્થિતી સર્જાઈ ગયા બાદ બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. હજારો લોકોને સુરક્ષિત સ્થળે ખસેડી લેવામાં આવ્યા છે. મોતનો આંકડો હવે વધીને ૧૮ ઉપર પહોંચી ગયો છે. અનેક લોકો હજુ લાપતા હોવાની માહિતી મળી છે. કેન્દ્ર સરકારે આજે કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં પુરની સ્થિતિ હવે સંપૂર્ણપણે કાબૂ હેઠળ છે. ગયા વર્ષે જે પ્રકારની ગંભીર સ્થિતિ હતી તેવી સ્થિતિ નથી પરંતુ સત્તાવાળાઓ દ્વારા કોઈપણ સ્થિતિને પહોંચી વળવા એલર્ટ પર રહેવા સૂચના આપી રહ્યા છે. ગૃહમંત્રી રાજનાથસિંહે ગઈકાલે કહ્યું હતું કે, સ્થિતિ ગયા વર્ષ જેવી ગંભીર નથી પરંતુ અમે સંપૂર્ણપણે એલર્ટ છીએ. જરૂર પડવાની સ્થિતિમાં વધુ સહાયતા મોકલવામાં આવશે બીજી બાજુ ઝેલમ નદીમાં પાણીની સપાટી ઘટી રહી છે પરંતુ સ્થિતિ સુધરી નથી. કિરણ રિજ્જુએ પણ કહ્યું છે કે, પુરની સ્થિતિ હવે કાબૂ હેઠળ છે. સ્થિતી હજુ પણ વધુ સુધરે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

# ટેટુ બનાવનાર લોકો રક્તદાન કરી શકશે નહી : આદેશ જારી


નવી દિલ્હી,તા. ૧

હરિયાણામાં ટેટુ બનાવનાર લોકો હવે બ્લડ ડોનેશન કરી શકશે નહી. સરકાર દ્વારા આ આદેશ જારીકરવામાં આવ્યો છે. તબીબો અને પેથોલોજિસ્ટ પણ માને છે કે ટેટુ બનાવનાર લોકો બ્લડ ડોનેશન કરી શકે નહી. તબીબો કહે છે કે આના કારણે ઈન્ફેક્શન ટ્રાન્સફર થવાનો ખતરો રહેલો છે. આ ખતરાના વિન્ડો પિરિયડ આશરે છ મહિનાનો રહે છે. જેથી આવા લોકોને છ મહિનાથી ૧૨ મહિના સુધી બ્લડ ડોનેશનથી બચવાની જરૂર છે. હરિયાણામાં તમામ તબીબોએ આ નિર્ણયનુ સ્વાગત કર્યુંછે. ટેટુ બનાવવા માટે જે રીતના નિડલનો ઉપયોગ કરવામાં આવે છે તેનાથી ઈન્ફેક્શનનો ખતરો રહે છે. જે નિડલનો ઉપયોગ કરવામાં આવેછે તેને યોગ્યરીતે ઉપયોગ કરવામાં ન આવે તો તેનાથી બ્લડ ટ્રાન્સમિશનનો ખતરો રહે છે. જેથી સરકારના પ્રયાસો સારા છે. લોકોને પણ આ અંગે અલર્ટ રહેવાની જરૂર છે.

# મૃત્યુદંડની સજા ફટકારનાર ટોચના દેશમાં ભારત સામેલ

મુંબઈ,તા. ૧

વર્ષ ૨૦૧૪માં ફાંસીની સજા જે દેશમાં વધારે કરવામાં આવી હતી તેવા દેશોની યાદીમાં ભારત ટોપ ૧૦ દેશોમાં સામેલ રહ્યુંછે. ભારતીય કોર્ટો દ્વારા વર્ષ ૨૦૧૪માં કુલ ૬૪ આરોપીને ફાંસીની સજા ફટકારવામાં આવી હતી. ગયા વર્ષે ૫૫ દેશોમાં અપરાધીને ફાંસીની સજા કરવામાં આવી હતી. આવા દેશોની યાદીમાં ભારત ટોપ ટેન દેશમાં સામેલ રહ્યુંછે. વર્ષ ૨૦૧૩માં ભારત એવા દેશોની યાદીમાં હતુ જ્યાં અપરાધીને ફાંસીના માચડે લટકાવી દેવામાં આવ્યા હતા. જો કે વર્ષ ૨૦૧૪માં કોઈ અપરાધીને ફાસીની સજાને અમલી કરવામાં આવી ન હતી. એમનેસ્ટી ઈન્ટરનેશનલના ડેથ પેનલ્ટી રીપોર્ટ ૨૦૧૫માં કેટલીક ચોંકાવનારી માહિતી જારી કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૪માં ફાંસીની સજાને અમલી કરવાના મામલામાં ૨૨ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. પરંતુ વર્ષ ૨૦૧૩ની સરખામણી કરવામાંઆવે તો વર્ષ ૨૦૧૪માં ફાંસીની સજા ૨૮ ટકા વધારે કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૪માં વિશ્વમાં ઓછામાં ઓછા ૬૦૭ લોકોને ફાંસીના માચડે લટકાવી દેવામાં આવ્યા હતા. જ્યારે ૨૪૬૬ લોકોને ફાંસીની સજા કરવામાં આવી હતી. ઈરાન, ઈરાક અને સાઉદી



અરેબિયામાં આંકડો સૌથી વધારે નોંધાયો છે. જે ૬૦૭ લોકોને ફાંસી આપી દેવામાં આવી હતી તેમાં ૭૨ ટકા અપરાધીને ઈરાન, ઈરાક અને સાઉદી અરેબિયામાં ફાંસી આપી દેવામાં આવી હતી. બેલારૂસ, ચીન અને વિયેતનામમાં સૌથી ઓછી ફાંસીની સજા કરવામાં આવી છે. સિરિયા અને ઉત્તર કોરિયામાંથી કોઈ માહિતી આ સંબંધમાં હાથ લાગી નથી. ભારતમાં ૬૪ લોકોને ફાંસીની સજા કરવામાં આવી છે. કાયદામાં નિયમિતરીતે સુધારા પણ કરવામાં આવ્યા છે. મૃત્યુદંડની સજા માટેના આંકડા ચીન દ્વારા જારી કરવામાં આવ્યા નથી. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ દ્વારા દેશોમાં ફાંસી આપવાના બનાવો પર નજર રાખવામાં આવે છે. એમ્નેસ્ટીએ મૃત્યુદંડની સજા સામે સ્પષ્ટ નોંધ લીધી છે. સરકાર ગુનાઓના પ્રમાણ ઘટે તે માટે મૃત્યુદંડની સજાનો ઉપયોગ કરે છે. એમ્નેસ્ટી ઈન્ટરનેશનલનું કહેવું છે કે, ભારતમાં બળાત્કારના અપરાધી ઠેરાવવા માટેનો રેટ ૨૭ ટકાની આસપાસ છે.

# વનડે મેચોના નિયમોમાં ફેરફાર કરવાની માંગ તીવ્ર

સિડની,તા. ૧

વનડે ક્રિકેટમાં બેટ્સમેનોની તરફેણમાં જઈ રહેલા નિયમોમાં ફેરફાર કરવાની માંગણી હવે દિન પ્રતિદિન તીવ્ર બની રહી છે. મહાન ક્રિકેટરોએ વનડે ક્રિકેટમાં બેટ અને બોલ વચ્ચેના સંતુલનને જાળવી રાખવાની હવે માંગ કરી છે. આ ક્રિકેટરોએ ફિલ્ડિંગ સાથે જોડાયેલા નિયમોમાં ફેરફાર કરવાની માંગ પણ કરી છે. બેટ્સમેનો દ્વારા ઉપયોગ કરવામાં આવતા બેટની પહોંળાઈને લઈને નિયમો બનાવવાની માંગ કરી છે. સિડનીમાં વિશ્વકપની બીજી સેમિફાઈનલ બાદ વનડે મેચમાં ભવિષ્ય ઉપર ચર્ચાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ભાગ લેનાર મહાન ખેલાડીઓ માઈકલ હોલ્ડિંગ, ઈયાન ચેપલ, રાહુલ દ્રવિડ અને માર્ટિન ક્રોએ કહ્યું હતું કે, આ ફેરફાર રચનાત્મક વધારે આક્રમક ક્રિકેટને પ્રોત્સાહન આપશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્લ્ડકપ સેમિફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે મળેલી હાર બાદ ભારતીય કેપ્ટન મહેન્દ્રસિંહ ધોનીએ પણ વનડે ઈન્ટરનેશનલના નિયમોમાં ફેરફારની વાત કરી હતી. ધોનીએ કહ્યું હતું કે, વધારે પડતા ચોગ્ગા છગ્ગાના લીધે ક્રિકેટની રમત હવે ઉદાસીન બની ગઈ છે. વનડે ક્રિકેટ ટી ટ્વેન્ટી જેવી બને તે બિલકુલ યોગ્ય નથી. વેસ્ટઈન્ડિઝના મહાન બોલર માઈકલ હોલ્ડિંગે કહ્યું છે કે, બેટ સાથે બોલ અથડાતાની સાથે જ હવે ગાયબ થઈ જાય છે. કેટલાક સ્લો મોશન રિપ્લેમાં આ બાબતને સ્પષ્ટપણે જોઈ શકાય છે. ઓસ્ટ્રેલિયાના મહાન ખેલાડી ઈયાન ચેપલે પણ કહ્યું છે કે, પહોળાઈ ધરાવતા બેટના લીધે સંતુલન હવે બેટ્સમેનોની તરફેણમાં છે.

કોઈપણ સમયે કોઈ બોલર અથવા અમ્પાયરને ગંભીર ઈજા થઈ શકે છે. કારણ કે, બોલ એટલા ઝડપથી પરત ફરી રહ્યો છે કે, તરત પ્રતિક્રિયા આપવી ખુબ મુશ્કેલ છે. બિન પાવર પ્લે ઓવરમાં માત્ર ચાર ફિલ્ડર બહાર ઉભા રાખવાની મંજુરીના નિયમ અને બે નવા બોલ આ વર્લ્ડકપમાં ચર્ચાના કેન્દ્ર રહ્યા છે.

## સમાચાર ઝલક

- એસ.ટી. બસમાં હવે મીની લાયબ્રેરી શરૂ થશે : રાજકોટથી શરૂઆત.
- ગુજરાતના એન.આર.આઈ.ની બેંકોમાં ૧૦ હજાર કરોડની ડીપોઝીટ ઉપાડી લીધી.
- ભાવનગરના ઉદ્યોગપતિ શ્રી ધુસાભાઈ કાપડીયાનું કાર પલ્ટી જતાં મૃત્યુ નીપજયું.
- રાજકોટમાં જમાઈ-પત્ની-સાસુની ખિસ્સા કાતરૂ ગેંગ ઝડપાઈ.
- ગુજરાતમાં ધારાશાસ્ત્રીઓને ઉનાળામાં કાળો કોટ પહેરવાથી મુક્તિ.
- હજીરા બંદરે ૨૦ કરોડની સિગારેટની ટયુટી વસુલવામાં આવી.
- ગુજરાતમાં મહિલા હેલ્પ લાઈનમાં ૨૫ ટકા પુરુષોએ પણ રક્ષણ માંગ્યું.
- તાપી જિલ્લામાં ખાંભલા ગામે દીપડાનો આતંક પંદર દિવસની મહેનત બાદ દીપડો કેદ થયો.
- અંકલેશ્વરમાં સાત વર્ષની બાળા લગ્ન રીસેપ્શનમાં સોનાના દાગીનાનું પર્સ લઈ ભાગી ગઈ. વીડીયોમાં કેદ.
- ટોપ રેકિંગ પર પહોંચતા સાઈનાની બ્રાન્ડ વેલ્યુ ૨૫ ટકા વધી.
- થાઈલેન્ડમાં નોકરીની લાલચે ૭૧ કચ્છી યુવક યુવતીઓ ફસાયા-૮૦ લાખની ઠગાઈ.
- તેર રાજયોમાં વસ્તી કરતાં આધાર કાર્ડ વધુ ઈસ્યુ થયેલા છે.
- બ્રિટનના મહારાણીના કર્મચારીઓ પગાર વધારા માટે સૌ પ્રથમવાર હડતાલ પાડશે.